પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૧૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૩-૦૯-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 18 PRICE :-RS. 1.50 DATE : 13-09-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


# ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ,

ચુંટણીઓ પહેલા જ ગુજરાતના સીએમે રાજીનામું આપતા તમામ રાજકીય પક્ષોમાં ચર્ચાઓ જોવા મળી હતી ત્યાર બાદ ગુજરાતના નવા મુખ્યમંત્રી કોણ હશે તેને લઈને ચર્ચાઓ ચાલી રહી હતી તે આજે પુર્ણ થઈ છે, ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે નવો જ ચહેરો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચેરમેન (ઔડાના ચેરમેન) રહી ચુકેલા એવા ભુપેન્દ્રભાઈ પટેલને નીયુક્ત કરવામાં આવ્યા છે. નવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આનંદીબેન પટેલના ખાસ માનવામાં આવી રહ્યા છે અને તે ખૂબ જ કાર્યશીલ છે અને તેમાં પણ ગુજરાત ના મુખ્યમંત્રીની વાત હોય તો પાટીદાર જ હોય તેવી ચર્ચાઓ વચ્ચે કોઈ પાટિદાર ચહેરો ઊભો કરવામાં આવ્યો પરંતુ તમામ રાજકીય પક્ષોના વિચારોની ક્ષમતા થી ઉપર રહીને ગુજરાત રાજ્યના નવા મુખ્યમંત્રી લેવામાં આવ્યા છે. નવા મુખ્યમંત્રી પટેલ હોવાના કારણે ડેપ્યુટી સીએમ તરીકે નિતીન પટેલ ન હોઈ શકે કેમ કે બે પટેલને સીએમ અને ડેપ્યુટી સીએમ ની પદ ન મળી શકે તેથી નિતિનભાઈ પટેલનું પત્તુ કપાઈ ગયું. શનિવારના રોજ વિજય રૂપાણી દ્વારા એકાએક રાજીનામું આપી દેતા ગુજરાત રાજકારણમાં ભુકંપ આવી ગયો હતો ત્યારબાદ ચર્ચાઓ વિચારણાઓ લોકોની અફવાઓ તેમજ નવા સીએમ તરીકે



અવનવા નામોની જાહેરાતો થયા કરતી હતી વોટ્સઅપ ફેસબુક તેમજ અનેક સોશિયલ મિડીયા પર ગુજરાતના મુખ્યમંત્રી કોણ બનશે કોનું કેવું પ્રભુત્વ છે કોણ કદ કયું છે કોણે કેટલું કાર્ય કરેલ છે. તેવી અવનવી વાતો સાથે પોત પોતાના નેતાઓને હિરો બનાવી ને પીરસાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ગૃહમંત્રી અમિત શાહ દ્વારા કંઈક હટકે એવો નવો જ ચહેરો લાવી ને મુકી દેતા લોકો સ્તબ્ધ રહી ગયા હતા. ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટીલના નિવાસસ્થાન પર બેઠક બાદ નેતાઓ કમલમ ખાતે પહોંચ્યા હતા. ભાજપના કાર્યાલય કમલમ પર સવારથી હલચલ વચ્ચે પોલીસની લગભગ ૨૦થી વધારે ગાડીઓ તૈનાત કરવામાં આવી હતી. વિજય રૂપાણીના મુખ્યમંત્રી પદેથી અચાનક રાજીનામાં બાદ આજે નવા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલનું નામ જાહેર કરવામાં આવ્યું છે. આ પહેલા કોર કમિટીની બેઠક પૂરી થઈ ગઈ છે. હવે ધારાસભ્ય દળની બેઠકમાં રાજ્યના નવા મુખ્ય મંત્રીનું નામ જાહેર કરાયું હતું. મુખ્યમંત્રી નક્કી કરવા માટે કેન્દ્રમાંથી બે નિરીક્ષક મોકલવામાં આવ્યા હતા. જેમાં આજે સવારે કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમર અને પ્રહલાદ જોશી ગાંધીનગર પહોંચી ગયા હતા. સાથે જ કાર્યકારી મુખ્યમંત્રી વિજય રૂપાણી, કાર્યકારી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમજ સીઆર પાટીલ કમલમ્ પહોંચ્યા હતા. ગુજરાત પ્રભારી ભુપેન્દ્ર યાદવ અને સંગઠનમંત્રી રત્નાકર સહિતના નેતાઓ કમલમ ખાતે પહોંચ્યા હતા. કોર કમિટીની બેઠક શરૂ થઈ ગઈ છે. ધારાસભ્યોની બેઠક શરૂ થઈ હતી. બેઠક પૂર્ણ થયા બાદ આનંદીબેન પટેલના વિશ્વાસુ એવા ભૂપેન્દ્ર પટેલને ગુજરાતના નવા મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. ગાંધીનગર પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બહારથી આવતા તમામ લોકોનું સઘન ચેકીંગ કરીને જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. કમલમ ખાતે અત્યારે મીડીયા કર્મીઓનો જ જમાવડો દેખાઈ રહ્યો છે. ભાજપના એક પણ નેતા કમલમ ખાતે હાજર નથી માત્ર પ્રવકતા જ કમલમ ખાતે હાજર છે. મુખ્યમંત્રીની જાહેરાત માટેની તૈયારીના ભાગ રૂપે શુભેચ્છા પાઠવવા બુકે પણ મંગાવવામાં આવ્યા છે, જે કેટલાક લોકો લઈને કમલમ્ આવી રહ્યા છે. જ્યારે કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી પણ આજે ગુજરાત પહોંચી ગયા છે. વિજય રૂપાણીના રાજીનામાં બાદ આજે ભાજપના ધારાસભ્ય દળની બેઠક બોલાવાઈ છે, જેમાં તમામ ધારાસભ્યોને હાજર રહેવા માટે સૂચના અગાઉથી આપી દેવામાં આવી છે. બેઠક બાદ ભાજપ તરફથી ગુજરાતના નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવશે. રૂપાણીના રાજીનામા બાદ પાટીદાર નેતા અને કેન્દ્રીય મંત્ર મનસુખ માંડવિયા

## નરેન્દ્ર મોદીના નામે ગુજરાતમાં સૌથી વધુ દિવસો મુખ્યમંત્રી રહેવાનો રેકોર્ડ



ગુજરાતમાં સૌથી વધુ દિવસ મુખ્યમંત્રી તરીકે રહેવાનો નરેન્દ્ર મોદીનો રેકોર્ડ હજુ પણ અકબંધ રહ્યો છે. વિજય રૂપાણીને બે ટર્મ દરમિયાન મુખ્યમંત્રી રહેવાનો અવસર પ્રાપ્ત થયો છે. પરંતુ તેઓ પોતાની ટર્મ પૂર્ણ કરી શક્યા નથી. ગુજરાતના ગણ્યાંગાંઠયા મુખ્યમંત્રી એવા છે જેમણે પોતાનો કાર્યકાળ પૂર્ણ કર્યો હોય. જેમાં હિતેન્દ્રભાઈ દેસાઈ, માધવસિંહ સોલંકી અને નરેન્દ્ર મોદીનો સમાવેશ થાય છે. મોટા ભાગના મુખ્યમંત્રીઓ આંશિક કાળ માટે જ શાસન પર રહ્યાં છે. નવા મુખ્યમંત્રીની શપથવિધિ આગામી સપ્તાહે યોજાવામાં આવશે. હવે નવા આવનારા મુખ્યમંત્રી પણ આગામી ચૂંટણી સુધી એટલે કે ગણતરીના માસ માટે જ મુખ્યમંત્રી પદ ભોગવશે.મુખ્યમંત્રી પદેથી વિજય રૂપાણીના રાજીનામા સાથે વધુ એક મુખ્યમંત્રીના કાર્યકાળનો અંત આવ્યો છે. આ પૂર્વે વર્ષ ૨૦૧૬માં આનંદીબેન પટેલે પણ આવી જ રીતે અચાનક રાજીનામુ ધરી દીધું હતું ત્યારબાદ અધૂરી ટર્મમાં વધુ એક મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજીનામુ આપી દેવું પડયું છે.

ગુજરાતના નવા સીએમ બને એવી વાતો વહેતી થઈ હતી. જોકે શનિવાર સાંજ સુધીમાં ભાજપે બાજી ફરેવી છે. વિશ્વાસપાત્ર વર્તુળોના જણાવ્યા મુજબ દીવ, દમણ અને દાદરા નગર હવેલીના એડમિનીસ્ટ્રેટર પ્રફુલ્લ પટેલ ઝસ્પદ માટે હુકમનો એક્કો બનશે. જ્યારે નીતિન પટેલ અને ગોરધન ઝડફિયાનું નામ પણ આ લિસ્ટમાં ચર્ચા રહ્યું છે. એવામાં હવે જોવાનું રહેશે કે પાર્ટી આ ચારમાંથી કોઈને ઝસ બનાવે છે અથવા કોઈ નવો જ ચહેરો પ્રજા સમક્ષ લાવશે. વિજય રૂપાણીના રાજીનામા બાદ ઝસ્ના પદ માટે કેટલાક નામોમાં સી.આર પાટીલનું નામ પણ સામે આવ્યું હતું. જેના પર પાટીલે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી રૂપાણીના રાજીનામા બાદ કેટલાક નામો મુખ્યમંત્રીના પદ માટે હાલમાં ચર્ચામાં આવ્યાં છે. જેમાં એક નામ મારુ પણ ચર્ચાઈ રહ્યું છે. ત્યારે મારે સ્પષ્ટતા કરતાં કહેવું છે કે હું મુખ્યમંત્રી પદની રેસમાં નથી. પાર્ટી જેને પણ મુખ્યમંત્રી બનાવશે તેની સાથે તેમજ વિજયભાઈની સાથે રહીને આગામી ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં પક્ષ દ્વારા નક્કી કરવામાં આવેલો ૧૮૨ સીટો મેળવવાનો ટાર્ગેટ પુરો કરીશું.

## નવા CMની વરણી બાદ ગુજરાતના મંત્રી મંડળમાંથી કામ ન કરનારા મંત્રીઓના પત્તા કપાઈ જશે

ગુજરાતના હાલના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ત્રીજી વખત મુખ્યમંત્રી પદની રેસમાં આવ્યા છે. તેમના નામ પહેલા પણ બે વખત રેસમાં આવી ચૂક્યાં છે. તેમના માટે આ ત્રીજો પ્રયાસ હતો. પહેલી વખત નીતિન પટેલનું નામ ૨૦૧૪માં જ્યારે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા પછી ત્યારે ચર્ચામાં આવ્યું હતું. તે વખતે તેમણે ખુદ મિડીયા સમક્ષ કહ્યું હતુ કે, હું મુખ્યમંત્રી બનવા તૈયાર છું. તે સમયે નરેન્દ્ર મોદીએ સિનિયર મંત્રી આનંદીબહેન પટેલનું નામ આગળ કરતાં ખુદ અમિત શાહે તેમના નામ સાથે સંમતિ દર્શાવતાં નીતિન પટેલનું પત્તુ કપાઈ ગયું હતું. ગુજરાતના મુખ્યમંત્રીના હોદ્દા પરથી વિજય રૂપાણીએ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને રાજીનામું આપી દીધું હતું. ભાજપના સિનિયર કેન્દ્રિય નેતા અને સંગઠન મંત્રી બી.એલ. સેંતોષ તેમને મળવા ગુરૂવારે ખાસ ગાંધીનગર આવ્યા હતા અને મોવડી મંડળની ઈચ્છાની વિજય રૂપાણીને જાણકારી આપી હતી. આ ઈચ્છા જાણ્યા પછી વિજય રૂપાણીએ હોદ્દો છોડી દેવાનું મન બનાવી લીધું હતું. જે બાદ ભાજપ ગુજરાતના પ્રભારી ભૂપેન્દ્ર યાદવ પણ વિજય રૂપાણીને મળ્યા હતા. જે બાદ વિજય રૂપાણીએ રાજીનામું આપી દીધું હતું. વિજય રૂપાણીની સાથે રાજ્યનાં કેબિનેટના અન્ય મંત્રીઓને પણ મોટો ફટકો પડવાના પ્રબળ અંસાર વર્તાઈ રહ્યા છે. નવા મુખ્યમંત્રીની સાથે નવા ચહેરાઓને પણ કેબિનેટમાં સ્થાન આપવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે કેબિનેટમાં યુવા ચહેરાઓને સ્થાન મળી શકે છે. કેબિનેટનાં ૫૦ ટકા જેટલા મંત્રીઓ બદલાશે. હાલની કેબિનેટમાં જે પણ નોન પરફોર્મર મંત્રીઓ છે તેમની જગ્યાએ નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવશે. ૧૪ કે ૧૫ સપ્ટેમ્બરે નવા મુખ્યમંત્રી સહિત કેબિનેટના મંત્રીઓના શપથ ગ્રહણ યોજાઈ શકે છે.

## હાર્દિક પટેલ અને જીગ્નેશ મેવાણીએ વિજય રૂપાણીનાં રાજીનામા પર કટાક્ષ ટ્વીટ કર્યુ

ગાંધીનગર,

મુખ્યમંત્રી રૂપાણી શનિવારે બપોરે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મળ્યાં હતા અને તેમણે રાજીનામું આપ્યું હતું. જે બાદથી ગુજરાતનાં નવા મુખ્યમંત્રીને લઈને ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. આ વચ્ચે ગુજરાતનાં બે યુવા ચહેરા અને તાજેતરમાં ગુજરાત કોંગ્રેસનાં કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલ અને વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ટ્વીટ કર્યુ છે. હાર્દિક પટેલે ટ્વિટ કરતા કહ્યું, મુખ્યમંત્રીનું રાજીનામું ગુજરાતની જનતાને ગેરમાર્ગે



દોરવાનો નિર્ણય છે. પરંતુ વાસ્તવિક પરિવર્તન આવતા વર્ષે ચૂંટણી પછી આવશે, જ્યારે લોકો ભાજપને સત્તામાંથી ઉથલાવી દેશે. આ સિવાય તેમણે વધુમાં લખ્યુ કે, ગુજરાતમાં મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીનું રાજીનામાંથી એ નક્કી થઈ ગયું છે કે ભાજપ ગુજરાતમાં સરકાર ચલાવવા માટે નિષ્ફળ સાબિત થઈ છે. કોરોનાકાળમાં ઓક્સિજનની અછતથી મોત, લાશોના ઢગલા, શ્મસાનમાંથી આવતી ભયંકર તસવીરોથી સમગ્ર વિશ્વમાં ગુજરાતની છબી ખરાબ થઈ છે. સતત વધતી મોંઘવારી, વેપારીઓ પર આવેલા સંકટ, યુવાનોમાં વધતી બેરોજગારી, બંધ થતા ઉદ્યોગોથી રાજ્યના લોકો મુશ્કેલીમાં છે. દિલ્હીના રિમોર્ટ કન્ટ્રોલથી ચાલતી ગુજરાત સરકાર આમ ક્યાં સુધી પોતાની નિષ્ફતા છુપાવતી રહેશે? ગુજરાતમાં વર્ષ ૨૦૧૪ બાદ પ્રથમ વખત મુખ્યમંત્રી બદલવાની પરિસ્થિતિ અમારા આંદોલનના કારણે આવી હતી અને હવે એક વખત ફરી જનતાની ભારે નારાજગી બાદ મુખ્યમંત્રીએ રાજીનામું આપવું પડ્યું છે.પરંતુ સાચુ પરિવર્તન આગામી વર્ષે ચૂંટણી બાદ આવશે, જ્યારે લોકો ભાજપને સત્તામાંથી દૂર કરશે. આ ઉપરાંત જીગ્નેશ મેવાણીએ ટ્વીટમાં આજતકની એક ક્લિપ શેર કરતા કહ્યુ કે, ભાજપે વિજય રૂપાણીને તેના ચૂંટણીલક્ષી લાભ માટે દૂર કર્યા છે, ગુજરાતની જનતાને બરબાદ કરવા માટે નહીં! જ્યારે લોકો કોરોનામાં મરી રહ્યા હતા ત્યારે રૂપાણી સરકારનું પેટનું પાણી હલતું નહોતું! ચહેરો બદલવાથી પાપ ધોવાતા નથી. જીગ્નેશ મેવાણીએ સ્પષ્ટ રીતે ગુજરાતમાં ભાજપની સરકારને કોરોનાની બીજી લહેરમાં અસફળ ગણાવી છે.ગુજરાતનાં મુખ્યમંત્રી પદેથી વિજય રૂપાણીએ રાજીનામું આપ્યા બાદથી રાજ્યની રાજનીતિમાં ગરમાવો આવ્યો છે. ઘણા લોકો તેને ૨૦૨૨ વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી લેવાલો નિર્ણય માને છે. જો કે હવે નવા મુખ્યમંત્રી કોણ બનશે તેને લઈને પણ ચર્ચાઓનો દૌર શરૂ થઈ ગયો છે. આ વચ્ચે ગુજરાત કોંગ્રેસનાં કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલ અને વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ વિજયભાઈ રૂપાણીનાં રાજીનામા પર પોતાની પ્રતિક્રિયા આપતા ટ્વીટ કર્યુ છે.

## આજથી NEET-UGની પરીક્ષા થશે શરૂ ગાઈડલાઈન તૈયાર

નવી દિલ્હી,

એનટીએ દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ, ઉમેદવારો લાંબી બાંયના કપડાં,ઉંચી એડીના સેન્ડલ, તાવીજ વગેરે પહેરીને પરીક્ષામાં હાજર રહી શકશે નહીં. આ ઉપરાંત પરીક્ષાર્થીઓ લખાણ સામગ્રી, ભૂમિતિ બોક્સ, પ્લાસ્ટિક પાઉચ, કેલ્કયુલેટર,લેખન પેડ, સ્કેનર, મોબાઈલ, બ્લૂટૂથ, ઈયરફોન , માઈક્રોફોન, પેજર, હેલ્થ બેન્ડ, પાકીટ, ગોગલ્સ, લોગ ટેબલ, ઈલેક્ટ્રોનિક પેન, હેન્ડબેગ, બેલ્ટ, ટોપી વગેરે પરીક્ષા કેન્દ્ર પર સાથે લાવી શકશે નહિ.રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી દ્વારા ૧૨ સપ્ટેમ્બરના રોજ દેશભરમાં રાષ્ટ્રીય યોગ્યતા કમ પ્રવેશ પરીક્ષા એટલે કે પરીક્ષાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. કુલ ૨૦૨ શહેરોમાં આવેલા વિવિધ પરીક્ષા કેન્દ્રો પર આ પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષામાં લગભગ ૧૩.૬૬ લાખ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. આ પરીક્ષા બપોરે ૨ થી સાંજે ૫ વાગ્યા સુધી લેવામાં આવશે. વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે બપોરે ૧૨ વાગ્યે પરીક્ષા કેન્દ્ર પર પહોંચવાનું રહેશે. ખાસ કરીને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશતા પહેલા વિદ્યાર્થીઓને દ્વ-૯૫ માસ્ક આપવામાં આવશે. ઉપરાંત સુચના અનુસાર વિદ્યાર્થીઓએ પાણીની બોટલ, જરૂરી ફોટોગ્રાફ, દિવ્યાંગ પ્રમાણપત્ર, હેન્ડ સેનિટાઈઝર, પ્રવેશ કેન્દ્રની પ્રિન્ટ આઉટ વગેરે સાથે રાખવાનું રહેશે. કોરોનાના નિયમોને ધ્યાનમાં રાખીને પરીક્ષા દરમિયાન ઉમેદવારોએ ખાસ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવાનું રહેશે. નિયુક્ત કેન્દ્રોમાં પરીક્ષા ખંડની સંખ્યા પણ વધારવામાં આવી છે. એક રૂમમાં ૧૨ થી વધુ ઉમેદવારોને બેસાડવામાં આવશે નહિ. તેમજ વિદ્યાર્થીઓને પરીક્ષામાં માસ્ક, સેનિટાઈઝર મળી રહે તેવી પરીક્ષા કેન્દ્રોમાં વ્યવસ્થા કરવામાં આવી છે.ઉપરાંત તમામ પરીક્ષા કેન્દ્રો પરીક્ષા પહેલા અને પછી બે વખત સેનિટાઈઝ કરવામાં આવશે.

## ભારતે તાલિબાનની સરકારને સમર્થન આપવાનું ઈનકાર કર્યો

નવી દિલ્હી,

તાલિબાનોએ નવી સરકારની રચના કરવાની સાથે અસલી ચહેરો બતાવવું શરૂ કરી દીધું છે. ક્રૂર તાલિબાનોએ એક અફઘાન સૈનિકનો માથું કાપતો ૩૦ સેકન્ડનો એક વીડિયો તેના ખાનગી ચેટ રૂમમાં શૅર કર્યો હતો. જોકે, આ વીડિયો ક્યાંનો અને કયા સમયનો છે તે સ્પષ્ટ થઈ શક્યું નથી. પરંતુ તાલિબાનો સત્તા પર આવતાં જ જૂની સરકારના અધિકારીઓ અને જવાનો સામે બદલાની નીતિથી કામ કરી શકે છે તેવી સંયુક્ત રાષ્ટ્રની આશંકા સાચી પડી રહી છે. તેનો વધુ એક બોલતો પુરાવો અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ અમરુલ્લાહ સાલેહના ભાઈ રોહુલ્લાહ સાલેહની હત્યા છે. તાલિબાનોએ અમરુલ્લાહ સામે બદલો લેવા માટે તેમના ભાઈની હત્યા કરી દીધી. વધુમાં તાલિબાની શાસન શરૂ થતાં જ અફઘાનિસ્તાનમાં મહિલાઓ પર કોરડા વિંઝવાનું શરૂ થઈ ગયું છે.અફઘાનિસ્તાનમાં તાલિબાનોએ વીજળીક ઝડપે કાબુલ કબજે કર્યા પછી લગભગ એક મહિનાથી ભારતે 'થોભો અને રાહ જૂઓ'ની નીતિ અપનાવી હતી. જોકે, અંતે શનિવારે વિદેશ મંત્રી એસ. જયશંકરે અફઘાનિસ્તાનમાં તાલિબાનની સરકારને સમર્થનનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો અને કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં વર્તમાન વચગાળાની સરકારને તેઓ એક વ્યવસ્થાથી વધારે કશું જ માનતા નથી. બીજીબાજુ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિઓ ગુટરેસે ભારપૂર્વક કહ્યું કે અફઘાનિસ્તાનમાં તાલિબાનોના વિજયથી દુનિયામાં અન્ય સ્થળો પર પણ આતંકી જૂથોને પ્રોત્સાહન મળશે. તેમણે વૈશ્વિક આતંકવાદ મુદ્દે પણ ચર્ચા કરી હતી. વિદેશ મંત્રી એસ. જયશંકરે શનિવારે જણાવ્યું હતું કે, ભારત તાલિબાનની નવી સરકારને એક વ્યવસ્થાથી વધારે કશું જ માનતો નથી અને તેમાં પણ બધા વર્ગનો સમાવેશ કરાયો નથી, જે ચિંતાજનક બાબત છે. આ ઉપરાંત ભારતે અફઘાનિસ્તાનમાં મહિલાઓ અને લઘુમતીઓની સ્થિતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે અફઘાનિસ્તાનની જમીનનો દુનિયામાં અન્ય દેશોમાં આતંકવાદ માટે થવો ન જોઈએ. અમેરિકામાં ૯/૧૧ હુમલાની ૨૦મી વરસી છે. આ હુમલો યાદ અપાવે છે કે અમે આતંકવાદ વિરોધી લડાઈમાં કોઈપણ સમજૂતી નહીં કરીએ. વૈશ્વિક આતંકવાદનું કેન્દ્ર અમારી નજીક હોવાથી પણ અમે તાલિબાનોને સમર્થન આપી શકીએ નહીં. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિઓ ગુટરેસે પણ ચેતવણીના સૂરમાં કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં તાલિબાનોના વિજયથી દુનિયાના અન્ય ભાગોમાં અન્ય આતંકી જૂથોને પ્રોત્સાહન મળશે. આ સાથે તેમણે વૈશ્વિક આતંકવાદ વકરવા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. જોકે, તેમણે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં 'સમાવેશક ભૂમિકા' અંગે યુએન કૃતનિશ્ચયી હોવાથી અફઘાનિસ્તાનમાં તાલિબાનો સાથેની ચર્ચાને આવશ્યક ગણાવી હતી. દરમિયાન અફઘાનિસ્તાનની વચગાળાની સરકારના શપથગ્રહણ સમારંભ મુદ્દે તાલિબાનોએ અમેરિકાના ઘા પર મીઠું ભભરાવવાનો વિચાર માંડી વાળ્યો છે. અગાઉ એવા અહેવાલો હતા કે અમેરિકા પર ૯/૧૧ના હુમલાની ૨૦મી વરસીના દિવસે જ તાલિબાનોની નવી 'આતંકી' સરકારના મંત્રીઓ શપથગ્રહણ કરશે. જોકે, હવે તાલિબાનોએ સહયોગી દેશોના દબાણથી શપથગ્રહણ સમારંભ જ રદ કરી નાંખ્યો છે. તાલિબાનોએ નવી સરકારની રચના પહેલાં ચીન, તૂર્કી, પાકિસ્તાન, ઈરાન, કતાર અને ભારત, રશિયા જેવા પડોશી દેશો તેમજ અમેરિકાને પણ શપથગ્રહણ સમારંભમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું. જોકે, મોટાભાગના દેશોએ તાલિબાનોની સરકારને માન્યતા આપવાની તેમને કોઈ ઉતાવળ નહીં હોવાની જાહેરાત કરી છે. વધુમાં રશિયાએ શપથગ્રહણ સમારંભમાં જોડાવાનો ઈનકાર કરી દીધો હતો.

## IS સાથે સંકળાયેલા ૨૫ ભારતીયો કાબૂલથી ભારતમાં ઘુસવાની ફિરાકમાં

આ આતંકીઓ ગમે ત્યારે ભારતમાં ઘુસવાની ફિરાકમાં છે. જેનો બાદમાં આઈએસ કોઈ મોટા હુમલા માટે ઉપયોગ કરી શકે છે. હાલ આ રિપોર્ટ બાદ એરપોર્ટ પર પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે અને અફઘાનિસ્તાનથી આવતા લોકોની સઘન તપાસ ચાલી રહી છે. સાથે જ સરહદે પણ એલર્ટ આપવામાં આવ્યું છે. અફઘાનિસ્તાન પર તાલિબાને કબજો કર્યો તે બાદ જમ્મુ કાશ્મીરમાંથી ૬૦ જ્યારે કેરળમાંથી પણ અનેક યુવાનો ગાયબ છે. જેઓ અફઘાનિસ્તાન પહોંચ્યા હોવાની શંકા છે. એવામાં એક રિપોર્ટમાં દાવો કરાયો છે કે અફઘાનિસ્તાનથી ૨૫ ભારતીયો ગમે ત્યારે ભારત પહોંચી શકે છે. જેઓને આતંકી હુમલાના આદેશ અપાયા હોવાનો દાવો પણ કરાયો છે. ગયા મહિને અફઘાનિસ્તાન પર ૧૫મી ઓગસ્ટે કબજો કરી લીધો તે બાદ તાલિબાને અનેક જેલોમાંથી આતંકીઓને છોડી મુક્યા હતા. છોડાયેલા મોટા ભાગના આતંકીઓ આઈએસ અને આલકાયદા સાથે જોડાયેલા છે. આ આતંકીઓમાં કેટલાક ભારતીય નાગરિક્તા ધરાવતા હતા. અને બાદમાં અલકાયદા જેવા સંગઠનોમાં જોડાયા હતા. હાલ આવા ૨૫ જેટલા આતંકીઓની એક યાદી તૈયાર કરવામાં આવી છે કે જેઓ ભારતીય છે અને આઈએસ સાથે સંપર્કમાં આવી ગયા છે. એનઆઈએના અધિકારીઓના નિવેદનને ટાંકીને એક રિપોર્ટમાં દાવો કરાયો છે કે આ ૨૫ ભારતીયો અફઘાનિસ્તાનમાં જ છે અને તેઓ નાંગરહાર પ્રાંતમાં આઈએસ પાસે તાલિમ લઈ રહ્યા છે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બારીઆ પર્વતસિંહ દોલતસિંહ

મુ. પતંગડી-નિશાળ ફળીયું, તા. લીમખેડા



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.



યુનુસભાઈ અલીહુસૈન પટવાણ

મુ. પટેલ ફળીયું, તા. લીમખેડા


## વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઉચકાતાં તેના પગલે સોનામાં ઘટાડો થવાના સમાચાર

મુંબઈ,

તાજેતરમાં વાવાઝોડાના કારણે ક્રૂડના ઉત્પાદનને અસર પડી છે. જોકે ચીન દ્વારા પોતાના હસ્તકના સ્ટોકમાંથી ક્રૂડતેલનું વેંચાણ કરવાનો નિર્ણય કર્યાના સમાચારના પગલે ક્રૂડતેલના વૈશ્વિક ભાવમાં વૃદ્ધી મર્યાદિત રહ્યાના નિર્દેશો મળ્યા હતા. વિશ્વબજારમાં ડોલર ઈન્ડેક્સ તથા બોન્ડ યીલ્ડ ઉચકાતાં સોનામાં ઉછાળે ફંડોની વેચવાલી આવતી રહી છે. વિશ્વ બજારના જાણકારોના જણાવ્યા મુજબ સોનાના ભાવ ૧૮૦૦ ડોલર નજીક પહોંચે છે નીચામાં ભાવ હવે ૧૭૫૦ ડોલર સુધી ઉતરવાની શક્યતા જાણકારો બતાવી રહ્યા હતા. પ્લેટીનમના ભાવ ઔંશદીઠ ૯૮૪થી ૯૬૧ ડોલર રહ્યા હતા જયારે પેલેડીયમના ભાવ ૨૨૪૦થી ૨૨૪૧ ડોલરવાળા ઘટી સપ્તાહના અંતે ૨૨૦૦ની અંદર ઉતરી ૨૧૩૮થી ૨૧૩૯ ડોલર બોલાઈ રહ્યા હતા. વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ ઉચકાતાં ઘરઆંગણે મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૭૩.૫૦ વાળા વધી રૂ.૭૩.૫૫ બોલાઈ રહ્યા હતાં.મુંબઈ ઝવેરી બજારમાં આજે બુલીયન બજાર બંધ રહી હતી. જોકે બંધ બજારે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. વિશ્વ બજારના સમાચાર નિરૂત્સાહ હતા. મુંબઈ બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૪૬૮૨૨ વાળા રૂ.૪૬૭૭૦ રહ્યા હતા જયારે ૯૯.૯૦ના ભાવ રૂ.૪૭૦૧૦ વાળા રૂ.૪૬૯૭૦ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ કિલોના જીએસટી વગર રૂ.૬૩૩૬૨ વાળા રૂ.૬૩૩૦૦ રહ્યા હતા. દરમિયાન અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ રૂ.૧૦૦ ઘટી ૯૯.૫૦ના રૂ.૪૮૪૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૪૮૬૦૦ બોલાઈ રહ્યા હતા. જયારે અમદાવાદ ચાંદીના ભાવ રૂ.૫૦૦ ઘટી રૂ.૬૪૫૦૦ રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૧૭૯૩થી ૧૭૯૪ ડોલરથી ઘટી સપ્તાહના અંતે ૧૭૮૭થી ૧૭૮૮ ડોલર રહ્યાના સમાચાર હતા. સોના પાછળ ચાંદીના ભાવ પણ ૨૪.૦૮થી ૨૪.૦૯ ડોલરવાળા ઉંચામાં ૨૪.૨૩થી ૨૪.૨૪ થઈ ફરી ગબડી છેલ્લે ૨૩.૭૪થી ૨૩.૭૫ ડોલર સપ્તાહના અંતે બોલ દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઉચકાતાં તેના પગલે સોનામાં ઘટાડે સપોર્ટ મળતો થયાના વાવડ પણ મળ્યા હતા. ન્યુયોર્ક ક્રૂડના ભાવ બેરલદીઠ ૬૮.૮૨થી વધી ૬૯.૭૨ ડોલર તથા બ્રેન્ટક્રૂડના ભાવ ૭૨.૨૦થી વધી ૭૨.૯૨ ડોલર બોલાતા થયાના નિર્દેશો હતા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# ગોધરા શહેરના સિંદુરી માતા મંદિર અને ચિત્રાખાડી વિસ્તારમાં વરસાદી પાણી ઘરમાં ઘુસતા સ્થાનિકોને હાલાકી

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં ભારે વરસાદને કારણે ગોધરા શહેરમાં પણ તેની અસર જોવા મળી છે. શહેરના પશ્ચિમી વિસ્તારમાં આવેલી સોસાયટીઓમાં વરસાદને કારણે સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શહેરના સિંદુરી માતા મંદિર વિસ્તાર તેમજ ખાડી ફળિયા વિસ્તારમાં આવેલી સોસાયટીઓમાં જવાના માર્ગ ઉપર ઘૂટણ સમા પાણી ભરાયા હતા.દર વર્ષે આ વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા યથાવત રહે છે. ત્યારે તેનો કાયમી નિકાલ લાવવામાં આવે તેવી સ્થાનિક લોકોની માંગ છે.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં હવામાન ખાતા દ્વારા ભારે વરસાદની આગાહી નું સૂચન કરવામાં આવ્યું હતું. જેના પગલે શનિવાર સવારથી જ પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા તેમજ અન્ય તાલુકાઓમાં પણ વરસાદી માહોલ સર્જાયો હતો. વરસાદી માહોલને કારણે રોજિંદું જનજીવન પ્રભાવિત બન્યું હતું. ગોધરા શહેરની વાત કરવામાં આવે તો પશ્ચિમ વિસ્તારમાં આવેલી સોસાયટીઓ વરસાદથી ભારે પ્રભાવિત બની હતી. ગોધરા શહેરના સિંદુરી માતા મંદિર વિસ્તારમાં વરસાદના કારણે ઘૂંટણસમા પાણી ભરાયા હતા.અને મીનીતળાવ જેવા દ્રશ્યો સર્જાયા હતા. ત્યારે સોસાયટીઓની વચ્ચે પસાર થતા રોડ ઉપર જાણે પાણીના ઝરણા વહેતા હોય એવા દ્રશ્યો સર્જાયા હતા. સૂર્યનગર સોસાયટીમાં ઝાડ તૂટી પડ્યુ હતું અને અહી પણ ઘૂંટણ સમા પાણી ભરાયા હતા નગરપાલિકા દ્વારા જેસીબી મશીનથી બ્લોક થયેલ ગટર લાઈનનું પાણી દૂર કરવામા આવ્યું હતું. વરસાદની સૌથી વધારે અસર ગોધરાના ખાડી ફળિયામાં જોવા મળી હતી. જેમાં આવેલ ચિત્રાખાડી વિસ્તાર પાણીમાં અડધો ગરકાવ થયો હતો એટલું જ નહી પણ સોસાયટીમાં આવેલા ઘરોમાં પાણી ભરાતા ઘરવખરીનો સામાન પણ પલળી જવા પામ્યો હતો.એટલુ જ નહીં અહી આ વિસ્તારમાં ઘરોમાં ઘુસેલા પાણીને લોકોએ ઉલેચી કાઢવાનો વખત આવ્યો હતો.

# શહેરા પાલિકા હોલમાં યોગ બોર્ડ દ્વારા યોગ સંવાદ કાર્યક્રમ યોજયો

શહેરા,

શહેરા નગર પાલિકાના ટાઉન હોલમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ સંવાદ કાર્યક્રમ યોગ સેવક શિશપાલ અને યોગ પ્રભારી લક્ષ્મણભાઈ ગુરવાણીની અધ્યક્ષતામાં યોજાયો હતો. યોગ સંવાદ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યોગ ટ્રેઈનરો ઉપસ્થિત રહીને યોગથી થતા ફાયદા તેમજ યોગ નિર્દશન નિહાળ્યું હતું.

શહેરા નગરપાલિકાના ટાઉન હોલ ખાતે યોગમય ગુજરાત અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત યોગ સંવાદ કાર્યક્રમ ચેરમેન યોગ સેવક શિશપાલ અને યોગ પ્રભારી લક્ષ્મણભાઈ ગુરવાણીની ઉપસ્થિતિમાં રાખવામાં આવેલ હતો. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગ સેવક શિશપાલનું જિલ્લાના યોગ ટ્રેઈનરો દ્વારા પરંપરા મુજબ સાફો પહેરાવીને સાલ ઓઢાડી ને સ્વાગત કરવામાં આવ્યું હતું.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો તેમજ યોગ કોચનું પણ પુષ્પગુચ્છ અને યોગની પુસ્તક આપીને સ્વાગત કરવામાં આવેલ હતું. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને યોગ સંવાદ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ યોગ સેવક શિશપાલે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં યોગ શહેર તેમજ ગામે-ગામે સુધી પહોંચાડવા માટેનું ભગીરથ અભિયાન આદર્યું છે. રાજયમા પચાસ હજાર યોગ ટ્રેઈનરોના માધ્યમથી પાંચ લાખ લોકોને યોગ કરતા કરેલ હતા. ગ્રામીણ વિસ્તારમાં પણ યોગનું મહત્વ મળે તે માટે તેઓ તાલુકા મથક ખાતે યોગ સંવાદ કાર્યક્રમ કરી રહયા છે. આ યોગ સંવાદ કાર્યક્રમમાં દેવગઢ બારીયાના બે નાના બાળકો સોહાની અને રીધમ સહિત અન્ય યોગ ટ્રેઈનરોએ યોગ નિદર્શન કરીને ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ બનાવ્યા હતા.

# અમેરિકાના ૯/૧૧ હુમલાના ૨૦ વર્ષ : યાદો તાજા થઈ શ્રદ્ધાંજલિ અપાઈ

વૉશિંગ્ટન,

અમેરિકન એરલાઈન્સના ટિકિટ ચેકરે એક મુલાકાતમાં વસવસો વ્યક્ત કરતા કહ્યું હતુ કે જો મેં આતંકવાદીઓને બરાબર તપાસ્યા હોત તો હજારો લોકોનો જીવ બચી જાત. વોઘન એલેક્સ નામનો કર્મચારી ૯-૧૧ની ઘટના વખતે ૨૦૦૧માં વૉશિંગ્ટનના આંતરરાષ્ટ્રીય એરપોર્ટમાં તૈનાત હતો. તેણે સલીમ અને નાવા અલ હાઝમીને વિમાનમાં બેસવા દીધા હતા.૯-૧૧ના હુમલા પછી પણ છેલ્લાં ૨૦ વર્ષમાં અસંખ્ય ફાયર ફાઈટર્સ મોતને ભેટયા છે. હુમલો થયો તે પછી વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં ભયાનક આગ ફાટી નીકળી હતી. એ આગને ઠારવાના પ્રયાસમાં ૩૪૩ જેટલા ફાયર ફાઈટર્સના મોત થયા હતા. હુમલા પછી અન્ય બીમારીમાં પણ ઘણાં લોકો સપડાયા હતા, જેમાં તેમના મોત થયા હતા. રાહત કર્મચારીઓ તો એ પછી પણ અલગ અલગ બીમારીનો ભોગ બન્યા હતા અને એમાં તેમનો જીવ ગયો હતો. ફાયર ફાઈટર્સ કમિશ્નર ડેનિયલ નાઈગ્રોએ કહ્યું હતુ કે ૨૦૦૧માં હુમલો થયો ત્યારે જ ૩૪૩ ફાયર કર્મચારીઓ મોતને ભેટયા હતા. તે પછી ફાયર ફાઈટર્સ વિવિધ માનસિક અને શારીરિક બીમારીમાં સપડાયા હતા, જે તેમના માટે જીવલેણ સાબિત થઈ હતી. છેલ્લાં ૨૦ વર્ષમાં જ ૨૫૦ ફાયર ફાઈટર્સ વિવિધ બીમારીના કારણે મોતને ભેટયા હતા. એમાંથી અસંખ્ય કર્મચારીઓ આ ગોઝારા દિવસને ભૂલી શક્યા ન હતા. તેમણે બચાવ કામગીરી દરમિયાન જે મરણચીસો સાંભળી હતી એણે તેને શાંતિથી ઊંઘવા દીધા ન હતા. તે સિવાય સફાઈ સહિતની વિવિધ કામગીરીમાં સામેલ થયેલા હજારો લોકો ઉપર આ ઘટનાની ગંભીર અસર થઈ હતી. એડિથ કોવાન યુનિવર્સિટીના સ્ટડી પ્રમાણે ૯૧ હજાર કર્મચારીઓ અને વોલેન્ટીયર્સ રાહત કામગીરીમાં જોડાયા હતા, એમાંથી ૮૦૭૮૫ના સ્વાસ્થ્ય ઉપર તેની અસર થઈ હતી.અફઘાનિસ્તાનમાં આતંકવાદી સંગઠન તાલિબાનના ઉદય વચ્ચે અમેરિકામાં ૯-૧૧ના હુમલાની ૨૦મી વરસી નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. અમેરિકાના વર્તમાન પ્રમુખ જો બાઈડેન અને પૂર્વ પ્રમુખો - બરાક ઓબામા અને બિલ ક્લિન્ટન ૯-૧૧ના મોમેરિયલે હાજર રહ્યા હતા. મૌન પાળીને પ્રમુખોએ મૃતકોને શ્રદ્ધાં જલિ પાઠવી હતી. પીડિત પરિવારનો આશ્વાસન આપ્યું હતું. અમેરિકાના જગવિખ્યાત વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર આતંકવાદી હુમલો થયો તેને ૨૦ વર્ષ થયા હતા. એ આતંકી હુમલાના ૨૦ વર્ષ થયા એ દિવસે ૯-૧૧ નેશનલ મેમોરિયલે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. એમાં વર્તમાન પ્રમુખ જો બાઈડેન, પૂર્વ પ્રમુખો બરાક ઓબામા અને બિલ ક્લિન્ટન પરિવાર સાથે હાજર રહ્યા હતા. ત્રણેય પ્રમુખોએ મેમોરિયલે મૌન પાળીને મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર આતંકવાદી હુમલો થયો ત્યાર પછી જ્યોર્જ બુશ, બરાક ઓબામા, ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બાઈડેન પ્રમુખ બન્યા હતા. એમાંથી એક ડોનાલ્ડ ટ્રમ્પ સિવાયના બધા જ પ્રમુખો હાજર રહ્યા હતા અને તેમણે પીડિત પરિવારનો આશ્વાસન આપ્યું હતું.પ્રમુખ જો બાઈડેને કહ્યું હતું કે આતંકવાદી હુમલામાં અમેરિકાએ મોટી કિંમત ચૂકવી હતી. પરંતુ અમેરિકાએ તેનો જડબાતોડ જવાબ આપીને આતંકવાદનો ખાતમો કરવામાં પણ ૨૦ વર્ષમાં અસરકારક કામગીરી કરી છે. એકતા એ આપણી અમેરિકનોની સૌથી મોટી શક્તિ છે. આપણે સૌ એક થઈને આતંકવાદ સામે લડયા છીએ અને એ જ રીતે લડતા રહીશું. આતંકવાદનો ભોગ બન્યા તેની ખોટ તો ક્યારેય પુરાઈ નથી, પરંતુ એ માટે જે જવાબદાર હતા તેને અમેરિકાએ પાઠ ભણાવ્યો છે. હજુ પણ આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકા હંમેશા અગ્રેસર રહેશે. ૯-૧૧ના હુમલામાં લગભગ ૩૦૦૦ જેટલાં લોકો મૃત્યુ પામ્યા હતા અને અસંખ્ય લોકો ઘાયલ થયા હતા. એ પરિવારો આ ગોઝારા દિવસને યાદ કરીને હિબકે ચડયા હતા. મેમોરિયલમાં મૃતકોના પરિવારજનો આવ્યા હતા અને ઠેર-ઠેર હૃદયદ્રાવક દશ્યો સર્જાયા હતા. આ બંને આતંકવાદીઓએ પછીથી વિમાન હાઈજેક કર્યું હતું અને એ દિવસે હુમલો કર્યો હતો. ટિકિટ ચેકરે વસવસા સાથે કહ્યું હતું કે અલકાયદાના એ આતંકવાદીઓના ચહેરા હું ૨૦ વર્ષમાં ક્યારેક ભૂલી શક્યો નથી. મને દરરોજ એના એ ચહેરા યાદ આવે છે અને તેની કરતૂત પાછળ હું પણ જવાબદાર હોઉ એવી લાગણી થાય છે. એલેક્સે કહ્યું હતું કે એ બંને આતંકવાદીઓ જાણી-જોઈને મોડા પહોંચ્યા હતા. વધારે ચેકિંગમાંથી અને પૂછપરછમાંથી બચી શકાય તે માટે તે છેલ્લી ઘડીએ વિમાનમાં બેસવાની વિનંતી કરવા આવ્યા હતા. જો મેં એજન્ટને બોલાવીને વધારે તપાસ કરાવી હોત તો એ આતંકવાદીઓની ફ્લાઈટ મીસ થઈ જાત અને એ મોટો આતંકી હુમલો ટળી જાત.

## 'અલ્-કાયદા' અફઘાનિસ્તાનમાં ફરી સક્રિય બનશે : અમેરિકી સંરક્ષણ પ્રધાન

અમેરિકા,

૨૦૨૦માં ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન સાથે તાલિબાન નેતાઓએ કરેલા કરારો પ્રમાણે, અમેરિકાને કે દુનિયાના કોઇ પણ દેશને નુકસાન કરે તેવાં અલ્-કાયદા જૂથને જરા પણ સહાય નહીં કરવાનું તાલિબાનોએ વચન આપ્યું હતું. આમ છતાં, અમેરિકી અધિકારીઓ માને છે કે તાલિબાનોએ અલ્-કાયદા સાથે સંબંધો રાખ્યા જ છે, તેથી ગલ્ફના આરબ દેશો સહિત, ઘણા દેશો માને છે કે તાલિબાનો સત્તા ઉપર આવતાં, અલ્-કાયદાનો પ્રભાવ વધવાનો માર્ગ મોકળો થયો છે.અમેરિકાના સંરક્ષણ પ્રધાન લોઇડ ઑસ્ટિને કહ્યું હતું કે, અફઘાનિસ્તાનમાંથી અમેરિકા ખસી જતાં, ત્યાં 'અલ્-કાયદા' જૂથ ફરી બેઠું થવા સક્રિય બનવાની શક્યતા છે, અને ૨૦ વર્ષ પૂર્વે તેણે કરેલાં અમેરિકા પરનાં આક્રમણ જેવું જ આક્રમણ કરવા, તે, તાલિબાનોની સત્તા નીચે તૈયાર થશે.'' ઈરાન અખાતના ૪ દેશોની મુલાકાતનાં અંતિમ ચરણમાં કુવૈત શહેરમાં, પત્રકારોનાં એક નાનાં જૂથને આપેલી મુલાકાતમાં તેમણે વધુમાં કહ્યું હતું કે, ''આ તો, તેમના માટે સ્વભાવગત છે, પરંતુ અમેરિકા તે જૂથને ફરી ઊભું થતું રોકવા, અને તે અમેરિકા ઉપર હુમલો ફરીથી ન જ કરી શકે તેવી સ્થિતિ ઊભી કરવાને, અમેરિકા પૂરતું સક્ષમ છે.'' તાલિબાનો, ૧૯૯૬ થી ૨૦૦૧ સુધી અફઘાનિસ્તાનમાં સત્તા પર રહ્યા હતા. તે દરમિયાન તેમણે ''અલ્-કાયદા''ને આશ્રય આપ્યો હતો. પરંતુ, પછીથી, સપ્ટેમ્બર ૧૧, ૨૦૦૧ના દિને અમેરિકા પર હુમલો થયા બાદ અમેરિકાએ તે હુમલો કરનારાઓને સોંપી દેવા, તાલિબાનોને જણાવ્યું હતું. તે માટે, તેમણે સ્પષ્ટ 'ન-કાર' કરતાં અમેરિકાએ હુમલાઓ શરૂ કર્યા અને તે ૨૦ વર્ષ સુધી ચાલેલી લડાઈનાં પરિણામે, 'અલ્-કાયદા' તો મહદ્-અંશે ખતમ થઈ ગયું હતું. પરંતુ, તાલિબાનોએ કાબુલ ઉપર પણ કબ્જો જમાવ્યા પછી, ભાવિ સંભાવનાઓ વિષે અનેકવિધ્ પ્રશ્નો ઊભા થતા જાય છે અને ભાવિ-સંભાવનાઓ અંગે પણ પ્રશ્નો ઊભા થાય છે. કદાચ, અલ્-કાયદા તેમના 'કમ-બેક' માટે અફઘાનિસ્તાનનો ઉપયોગ કરશે જ.

# ગોધરા તાલુકાના નદીસર ગામમાં બિરાજતા શ્રીજીની ઝાંખી......

તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર


ખડકી ફળીયું, નદીસર


પોસ્ટ ફળીયું, નદીસર


વાડી ફળીયું, નદીસર


ગણપતિ મંદિર, નદીસર


મોટુ ફળીયું, નદીસર


રામજી મંદિર, નદીસર


વાવ ફળીયું, નદીસર



ઘરવાડો, નદીસર


પટેલ ફળીયું, નદીસર


શ્રીમાળી શેરી, નદીસર


વૃંદાવન સદન, નદીસર


જૂની પંચાયત ફળીયું, નદીસર


પોલીસ પટેલ ફળીયું, નદીસર


તળાવ ફળીયું, નદીસર


ભાથીજી મંદિર, નદીસર

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

## ફતેપુરા તાલુકામાં ટ્રાયબલની યોજના દ્વારા

# મકાન સહાય આપવાના બહાના હેઠળ તકવાદી તત્વો દ્વારા કરવામાં આવતું ઉઘરાણું...?


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

**- લાભાર્થીના ડોક્યુમેન્ટ સાથે મકાન સહાય મેળવવા થતા ખર્ચના રૂપિયા ૫૦૦/- ઉઘરાવવામાં આવતા હોવાની ઉઠેલી બૂમો.**

**- ફતેપુરા તાલુકામાં હાલ ટ્રાયબલ સબ પ્લાન દ્વારા મકાન સહાય આપવાની હાલ કોઈ યોજના બહાર પડાઈ નથી અને બહાર પડવાની કોઈ શકયતા પણ નથી : ટ્રાયબલ શાખા ફતેપુરા.**

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામા લાભાર્થીઓના નામે આવતા સરકારી નાણા માંથી કેટલાક તકવાદી તત્વો ગરીબોનો ગેરલાભ ઉઠાવી આસાનીથી સરકારી નાણા હડપ કરવાના કિસ્સા અવારનવાર બનતા હોવાની બૂમો ઊઠે છે. તે સામાન્ય બાબત બની ચૂકી છે. પરંતુ તેમનાથી પણ એક પગથિયું આગળ વધી ચૂકેલા લોકો ખરેખર સરકાર દ્વારા જે યોજના બહાર પડાઈ જ ન હોય અને તેવા નામોની યોજનાઓ પોતાની રીતે ઉભી કરી ગરીબ લોકોને લાભ આપવાના બહાના હેઠળ જયારે ઉઘાડી લૂંટ ચલાવાતી હોય ત્યારે સમજદાર લોકોનો આત્મા ઉકળી ઊઠે તે સ્વાભાવિક બાબત છે અને તેવી જ બાબત હાલ ફતેપુરા તાલુકામાં કેટલાક તકવાદી તત્વો ગરીબ અભણ, જરૂરિયાત મંદ આદિવાસી લોકોને ટ્ર ાયબલ યોજનામાંથી મકાન સહાય આપવાના બહાના હેઠળ જે-તે લાભાર્થીના ડોક્યુમેન્ટ સહિત લાભ મેળવવા થનાર ખર્ચના લાભાર્થી દીઠ રૂપિયા ૫૦૦/ - લેખે ઉઘરાણુ કરી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

જાણવા મળેલી વિગતો મુજબ દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન દ્વારા છેલ્લા એક વર્ષથી ગરીબી રેખા હેઠળ જીવતા મકાન વિહોણા લાભાર્થીઓને મકાન સહાય આપવાનું કોઈ આયોજન કરવામાં આવેલ નથી. તેમજ ચાલુ વર્ષે તેનું આયોજન થાય તેવી પણ કોઈ જ શક્યતા જણાતી નથી.તેમ છતાં હાલ ફતેપુરા તાલુકામાં કેટલાક ગામડાઓમાં ચોક્કસ લોકો દ્વારા ટ્રાયબલ સબ પ્લાન યોજના હેઠળ મકાન સહાય અપાવવાના બહાના હેઠળ મકાન સહાય મેળવવા માંગતા જે-તે લાભાર્થી પાસેથી આધાર કાર્ડ, મકાન વેરાની પહોચ,મકાનની આકારણી તેમજ લાભાર્થીના બેન્ક એકાઉન્ટની નકલ સાથે તકવાદી તત્વો દ્વારા પોતાની રીતે ઉભી કરેલ મકાન સહાય મેળવવાની યોજનામાં થતા ખર્ચના રૂપિયા ૫૦૦/- લેખે ઉઘરાવવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળે છે.પરંતુ ટ્રાયબલ સબ પ્લાન દ્વારા મકાન સહાય અપાવવાના બહાના હેઠળ હાલ જે-તે લાભાર્થીના ડોક્યુમેન્ટ લઈ નાણાં ઉઘરાવવામાં આવી રહ્યા છે.તે ખરેખર ગરીબ અબુધ લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી રહી છે.અને કરવામાં આવતી છેતરપિંડીનો વધુ લોકો ભોગ બને નહીં તે બાબતે લાગતા-વળગતા તંત્ર દ્વારા ધ્યાન આપવાની પણ જરૂરત જણાઈ રહી છે.

ફતેપુરા તાલુકામાં હાલ કેટલાક ગામડાઓમાં ટ્રાયબલ સબ પ્લાન દ્વારા મકાન સહાય આપવાના બહાના હેઠળ કેટલાક લોકો દ્વારા મકાન સહાય મેળવવા માંગતા લાભાર્થીના ડોક્યુમેન્ટ ઉઘરાવવામાં આવી રહ્યા છે. તેમજ ડોક્યુમેન્ટની ઉઘરાણી કરતા લોકો દ્વારા જણાવવામાં આવે છે કે, અમો ૨૦૦ થી ૩૦૦ જેટલા મકાન સહાયના કેસો પાસ કરાવી આપીશુ. તેમ જણાવી સમજાવી પટાવીને લોકો પાસેથી ડોક્યુમેન્ટ તથા આ આવાસ યોજનાનો લાભ મેળવવા કરવી પડતી કાર્યવાહીના ખર્ચ પેટે રૂપિયા ૫૦૦/-થી વધુ પડાવવામાં આવી રહ્યા છે. ત્યારે અમારા સુખસર ખાતેના પ્રતિનિધિએ ફતેપુરા તાલુકા ટ્રાયબલ શાખાનો સંપર્ક કરી રૂબરૂ પૂછપરછ કરતા ટ્રાયબલ શાખાના જવાબદારોએ જણાવેલ કે,હાલ દાહોદ જિલ્લા ટ્રાયબલ દ્વારા મકાન સહાય માટે કોઈ યોજના અમલમાં મુકવામાં આવી નથી અને ચાલુ વર્ષે આ યોજના બહાર પડવાની શક્યતા પણ જણાતી નથી. તેમજ જ્યારે ટ્રાયબલ સબ પ્લાન દ્વારા આ યોજના અમલમાં હતી. ત્યારે તાલુકા દીઠ માત્ર ૫૦ થી ૬૦ આવાસ યોજનાના મકાનો મંજૂર કરવામાં આવતા હતા અને તાલુકાની એક ગ્રામ પંચાયત, એક તાલુકા પંચાયત સીટ કે એક જિલ્લા પંચાયત સીટ સહિત એક તાલુકામાં બસો કે ત્રણસો આવાસ મંજુર થાય તે કોઈ કાળે શક્ય નથી અને હાલ તાલુકામાં ટ્રાયબલ આવાસ યોજના હેઠળ આવાસ ફાળવવા માટે તાલુકાના જે ગામડાઓમાંથી લાભાર્થીના નાણાં સાથે ડોક્યુમેન્ટ લઈ લોકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. તેના માટે ફતેપુરા તાલુકા ટ્રાયબલ શાખા કે દાહોદ જિલ્લા ટ્રાયબલ કચેરીને કાંઈ લાગતું-વળગતું નથી અને ટ્રાયબલ આવાસ યોજનાના નામે કરવામાં આવતી છેતરપિંડીમાં પ્રજાએ ગેરમાર્ગે દોરવાઈ ડોક્યુમેન્ટ તથા નાણા આપવા જોઈએ નહીં તેમ ટ્રાયબલ શાખા ફતેપુરાના જવાબદારો દ્વારા જાણવા મળેલ છે.

### એક લાભાર્થી પાસેથી ૫૦૦ રૂપિયા લેવામાં આવ્યા ??

ફતેપુરા તાલુકામાં હાલ કેટલાક ગામડાઓમાં ટ્રાયબલ સબ પ્લાન દ્વારા મકાન સહાય આપવાના બહાના હેઠળ કેટલાક લોકો દ્વારા મકાન સહાય મેળવવા માંગતા લાભાર્થીના ડોક્યુમેન્ટ ઉઘરાવવામાં આવી રહ્યા છે. તેમજ ડોક્યુમેન્ટની ઉઘરાણી કરતા લોકો દ્વારા જણાવવામાં આવે છે કે, અમો ૨૦૦ થી ૩૦૦ જેટલા મકાન સહાયના કેસો પાસ કરાવી આપીશુ.તેમ જણાવી સમજાવી પટાવીને લોકો પાસેથી ડોક્યુમેન્ટ તથા આ આવાસ યોજનાનો લાભ મેળવવા કરવી પડતી કાર્યવાહીના ખર્ચ પેટે રૂપિયા ૫૦૦/-થી વધુ પડાવવામાં આવી રહ્યા છે.

## દાહોદના રળીયાતી ગામે ડેન્ગ્યુ અને મેલેરીયાના રોગચાળો ફેલાતાં ફફડાટ

દાહોદ,

દાહોદ શહેર થી અડીને આવેલા રળીયાતી ગામમાં હાલ ડેન્ગ્યુ, કોલેરા મલેરિયા જેવા પાણીજન્ય રોગોએ માઝા મૂકતા ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.જેના લીધે હાલ સ્થાનિક લોકો લોકોમાં પાણીજન્ય રોગોના પગપેસરાથી એક તરફ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જયારે સ્થાનિક વહીવટી તંત્ર સહિત રાજકીય આગેવાનોને આ મુદ્દે વારંવાર રજૂઆત કર્યા છતાંય કોઈ નક્કર પરિણામ ન આવતા લોકોમાં હાલ રોષની લાગણી પણ જોવા મળી રહી છે.

વધુ મળતી માહિતી પ્રમાણે દાહોદ શહેર થી અડીને આવેલા તેમજ ગ્રામ પંચાયત હસ્તક આવતા રળીયાતી ગામમાં બે હજારની વસ્તી વસવાટ કરે છે મોટા ભાગની વસ્તી શ્રમિકો તેમજ સાંસી સમાજ વસવાટ કરે છે. આ વિસ્તારમાં સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા રસ્તા, ગટર, અને પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓના અભાવે ઠેર ઠેર ગંદકી જોવા મળે છે. ગંદકીથી ખદબદતા રળીયાતી ગામમાં હાલ ચોમાસાની ઋતુ ટાણે સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી ન કરતા ઠેરઠેર માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર આ વિસ્તારમાં ડેન્ગ્યુ કોલેરા, મલેરિયા જેવા ૨૫ થી ૩૫ દર્દીઓ હાલ વિવિધ હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. વહીવટી તંત્રની ઉદાસીનતાના કારણે આ વિસ્તારમાં દવાનો છટકાવ કે ફોગીંગની કામગીરી ન કરાતા માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર પ્રાથમિક સુવિધાઓ માટે ગામના સરપંચ, તાલુકા સભ્ય જિલ્લા સભ્ય તેમ જ રાજકીય આગેવાનો સહીત કાનીયા વહીવટી તંત્રને વારંવાર રજુઆત કરવા છતાં કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતા એક તરફ પાણીજન્ય રોગો નો રાફડો ફાટયો છે. ત્યારે બીજી તરફ વહીવટી તંત્ર સહિત રાજકીય આગેવાનો સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## ઝાલોદના મીરાખેડી ચોકડી પાસે LCB પોલીસે એક ઈસમને દેશી બનાવટની પિસ્તોલ અને કારતૂસ સાથે ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મીરાખેડી ગામે ચોકડી ઉપર એલસીબી પોલીસ વોચ ગોઠવી ઊભી હતી. આ દરમિયાન બાતમીમાં દર્શાવેલ એક ઈસમ ત્યાંથી પસાર થતાં તેને પોલીસે ઝડપી પાડી તેની અંગજડતીમાંથી ગેરકાયદે દેશી હાથ બનાવટની એક માઉઝર પિસ્તોલ તેમજ જીવતો કાર્ટુસ નંગ.૧ એમ કુલ મળી રૂપિયા ૧૦,૦૫૦/- નો મુદ્દામાલ પોલીસે કબજે લઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગત તારીખ અગિયારમી ઓક્ટોબરના રોજ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે મીરાખેડી ગામે ચોકડી પર વોચ ગોઠવી ઉભા હતા. આ દરમિયાન ત્યાંથી બાતમીમાં દર્શાવેલ સલમાનખાન અબ્દુલ્લાખાન પઠાણ (રહે. ઘાંચીવાડ, દાહોદ)ને ઝડપી પાડી તેની અંગજડતી કરતાં તેની પાસેથી ગેરકાયદેસર દેશી હાથ બનાવટની માઉઝર પિસ્તોલ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તેમજ ૧ નંગ. જીવતો કારતુસ કિંમત રૂપિયા ૫૦/- એમ કુલ મળી રૂપિયા ૧૦૫૦૦/- મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો અને ઝડપાયેલ ઉપરોક્ત ઈસમને જેલના સળિયા પાછળ ધકેલી દઈ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંજેલીના માઈભક્તો સંગ લઈને પગપાળા અંબાજી જવા રવાના થયા


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલી મુખ્ય મથકના જય અંબે યુવક મંડળનો સંગ લઈને પગપાળા અંબાજી જવા રવાના થયા હતા. આશરે ૫૦થી વધુ યુવાનો રથ લઈને અંબાજી જવા પ્રયાણ કર્યું. રથને સંજેલી નગર તરફ બહેનો, યુવાનો, નાના ભૂલકાંઓ દોરી વડે ખેંચીને આસ્થાપૂર્વક ભક્તોને રવાના કર્યા હતા. જ્યાં બજાર તરફ આવતા સૌ ભક્તોએ આશીર્વાદ લઈ ધન્યતા અનુભવી હતી. સંજેલી સરપંચ કિરણભાઈ રાવત દ્વારા અંબાજી જનાર ભક્તોએ શુભેચ્છા માં અંબાના આશીર્વાદ મેળવ્યા હતા. સંજેલીના કમલેશ રાવત દ્વારા અંબાજી જનારા સૌ ભક્તો માટે ટીશર્ટ, અને પ્રસાદીની વ્યસ્થા કરી આપીને ધન્યતા અનુભવી હતી.

## દે.બારીયા શહેરમાં ગણપતિ વિર્સજન માટે કૃત્રિમ કુંડ બનાવવામાં પવિત્રતા જળવાય તે જરૂરી

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં પરંપરાગત રીતે ગણપતિની સ્થાપના ગણેશ મંડળો દ્વારા થઈ ચુકે છે. શ્રધ્ધા અને વિશ્વાસ સાથે દૈનિક પૂજા આરતી ગણેશ ભકતો કરી રહ્યા છે. જેથી એક ભકતીમય વાતાવરણ ઉત્પન્ન થયો છે.

મળતી માહિતી અનુસાર દર વર્ષે ગણપતિ વિર્સજન માટે માન સરોવર મોટા તળાવની બેઠક ઉપર ગણપતિનું વિર્સજન મોટી શ્રધ્ધા સાથે કરવામાં આવતું હતું. આ વર્ષે કોરોનાની ગાઈ લાઈન પ્રમાણે ગણપતિની મૂર્તિઓનું વિર્સજન કરવા માટે આદેશ આપે તે માટે પ્રસાશન સાથે નગર પાલિકાના દ્વારા ગણપતિની મૂર્તિઓનું વિર્સજન માટે કૃત્રિમ કુંડ બનાવવા માટે દે.બારીયા શહેરની ભૂર્ગભ ગટરના કુંડનું કાર્ય કરવા માટે આસપાસના લારી ગલ્લાવાળાઓને મૌખિક સુચના આપતા એક મોટું વિવાદ ઉભો ખુદ નગર પાલિકા તંત્ર કરી રહયું છે. જે ગણપતિની મૂર્તિઓ અતિ પવિત્ર છે. જેનું શ્રધ્ધા પૂર્વક માન-માન અને પવિત્રતા જાણીને વિર્સજન કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. હવે આ પવિત્ર મૂર્તિઓને ભૂર્ગભ ગટરના ખાર કુવાની પાસે કુંડ બનાવીને આ પવિત્રતા કેવી રીતે જળવાશે તે યક્ષ પ્રશ્ન છે. જે ભકતજનો પૂછે છે. જેથી ખાર કુવા પાસે નહિ અન્ય પવિત્ર જગ્યામાં કૃત્રિમ કુંડ તૈયાર કરીને મૂર્તિઓનું વિર્સજન થાય તેવી માંગ ઉઠી છે.

## ઝાલોદના બસ સ્ટેશન માંથી મહિલાનું સોનાદાગીના અને રોકડની ચોરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં આવેલ બસ સ્ટેન્ડમાંથી એક મહિલાનું સોનાના દાગીના તેમજ રોકડા રૂપિયા ભરેલી પર્સ જેમાં સોનાના દાગીના તેમજ રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૮૩૦૦૦/- નું પર્સ કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઇ નાસી જતા આ સંબંધે પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે. બનાવને પગલે ઝાલોદ બસ સ્ટેન્ડ વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

ગત તારીખ ૬ ઓક્ટોબરના રોજ ઝાલોદ નગરમાં શિવશક્તિ ગંગાનગર સોસાયટીમાં રહેતા ૩૦ વર્ષીય સ્મિતાબેન નીરજભાઈ જયસ્વાલ ઝાલોદ બસ સ્ટેન્ડ ખાતે આવ્યા હતા અને બસની રાહ જોઈ ઉભા હતા. સ્મિતાબેન પાસે તેઓના મોટા પર્સમાં મુકી રાખેલ નાના પર્સમાં સોનાના દાગીના જેમાં સોનાની બુટ્ટી, સોનાની ચેન, સોનાનું પેન્ડલ, સોનાની વિટી એમ કુલ રૂપિયા ૮૦ હજારની કિંમતના સોનાના દાગીના હતા અને રોકડા રૂપિયા ૩૦૦૦ પણ હતા. આ પર્સ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી સ્મિતાબેનની નજર ચૂકવી ચોરી કરી લઈ નાસી જતા આ બનાવને પગલે બસ સ્ટેન્ડ વિસ્તાર ખાતે ઉહાપોહનો માહોલ સર્જાયો હતો અને આ સંબંધે સ્મિતાબેન નીરજભાઈ જયસ્વાલે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે. જેમાં પોલીસે આસપાસના સીસીટીવી ફ્ટેજની પણ ચકાસણી હાથ ધરી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.

## ધાનપુરના હરખપુર ગામે ફોર વ્હીલ લઈ જતાં વ્યકિતને જુની અદાવતે મારમારી ૨૦ હજારની લુંટ

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના હરખપુર ગામે ફોર વ્હીલર ગાડી લઈ પસાર થઈ રહેલ એક વ્યક્તિને જુની અદાવતે પાંચ ઈસમોએ રસ્તામાં રોકી બેફામ ગાળો બોલી ઝપાઝપી કરી તેમજ ગડદાપાટ્ટુનો માર મારી રૂા.૨૦,૦૦૦ની લુંટ ચલાવી મારી નાંખવાની ધમકી આપી પાંચેય જણા નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ધાનપુર તાલુકાના ઉંડાર ગામે સરપંચ ફળિયામાં રહેતાં મહેશકુમાર ઉર્ફે માજુભાઈ અભેસિંહ મોહનીયાના દાદા (નાના) ભારતસિંહ ગલાભાઈ ભુરીયા (રહે. ધનારપાટીયા) ની માલિકીના હિસ્સાની જમીનમાં મહેશકુમારે પેટ્રોલ પંપ બનાવવા માટે ૩૦ વર્ષના ભાડા કરાર ઉપર લીધેલ હતી. આ દરમ્યાન પેટ્રોલ પંપનું કામકાજ ચાલતું હોય અને ગત તા.૧૦મી સપ્ટેમ્બરના રોજ મહેશકુમાર ફર્નીચરના પૈસા ચુકવી પોતાના ઘરે પોતાની ફોર વ્હીલર ગાડીમાં સવાર થઈ જતાં હતાં. આ દરમ્યાન રસ્તામાં હરખપુર ખાતેથી પસાર થતી વેળાએ ધાનપુર તાલુકાના ધનારપાટીયા ગામે તથા લીલીઆંબા ગામે રહેતાં મોહનસીંગ ભારતસિંહ ભુરીયા, ખીમાભાઈ નાનસીંગભાઈ ભુરીયા, રમણભાઈ ભારતાભાઈ ભુરીયા, રામુભાઈ ભાવસીંગભાઈ પલાસ અને અન્ય એક ઈસમ મળી પાંચેય જણાએ મહેશકુમારની ગાડી રસ્તામાં રોકી હતી અને મહેશકુમારને ગાડીમાંથી ખેંચી નીચે ઉતારી ઝપાઝપી કરી જમીન સંબંધી જુની અદાવતે ગડદાપાટ્ટુનો તેમજ પટ્ટા વડે માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી હતી અને મહેશકુમારના ખિસ્સામાંથી રોકડા રૂપીયા ૨૦,૦૦૦ની લુંટ ચલાવી ઉપરોક્ત પાંચેય જણા નાસી ગયાં હતાં.

આ સંબંધે ઈજાગ્રસ્ત મહેશકુમાર ઉર્ફે માજુભાઈ અભેસિંહ મોહનીયાએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડા વિજય હોટલ પાસે હાઈવે ઉપર બાઈક સ્લીપ ખાઈ જતાં બાઈક સવાર બે ઈસમો પૈકી એકનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાંથી પસાર થતા વિજય હોટલ સામેના બાયપાસ હાઈવે રોડ ઉપર એક મોટરસાયકલ પર સવાર બે વ્યકિતઓની મોટરસાયકલ સ્લીપ ખાઇ જતાં નજીકના ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેને પગલે મોટરસાયકલ પર સવાર બે પૈકી એકનું સારવાર દરમિયાન મોત નિપજયાનું જાણવા મળે છે.

ગત તારીખ પાંચમી ઓક્ટોબરના રોજ મધ્યપ્રદેશના જાબુવા જીલ્લામાં રામા તાલુકામાં સીમલખેડી ગામે રહેતા પ્રકાશભાઈ ધુડીયાભાઈ પરમાર અને તેમની સાથે અર્જુનભાઈ એમ બંને જણાં એક મોટરસાયકલ પર સવાર થઈ પાવાગઢ દર્શન માટે જતા હતા. આ દરમિયાન રસ્તામાં દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાંથી પસાર થતાં વિજય હોટલની સામેના બાયપાસ હાઈવે રોડ પર મોટર સાયકલના ચાલકે પોતાના કબજાની મોટરસાયકલ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાગતો હતો અને આ દરમિયાન અચાનક મોટરસાયકલ પરના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા મોટરસાયકલ નજીકમાં આવેલ રોડની બાજુના ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેને પગલે પ્રકાશભાઈ અને અર્જુનભાઈને શરીર તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા બંનેને તાત્કાલિક અમદાવાદ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન પ્રકાશભાઈનું મોત નિપજ્યું હતું.

આ સંબંધે મરણ જનાર પ્રકાશભાઈના ભાઈ સુનિલભાઈ ધુડીયાભાઈ પરમારે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી

## ડિજિટલ ગોલ્ડના વેચાણમાં ઘટાડો જોવા મળ્યો

ગાંધીનગર,

નેશનલ સ્ટોક એક્સચેન્જ એ તેના સભ્યોને ૧૦ સપ્ટેમ્બરથી તેના પ્લેટફોર્મ પર ડિજિટલ ગોલ્ડનું વેચાણ બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સૂચના સ્ટોક બ્રોકરને પણ આપવામાં આવી છે. NSE એ કેપિટલ માર્કેટ રેગ્યુલેટર SEBI ના નિવેદન બાદ આ સૂચના આપી છે. સેબીએ કહ્યું છે કે કેટલાક સભ્યો તેમના ગ્રાહકોને ડિજિટલ ગોલ્ડ ખરીદવા અને વેચવા માટે પ્લેટફોર્મ આપી રહ્યા છે જ્યારે તે નિયમોની વિરુદ્ધ છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) એ ૩ ઓગસ્ટના રોજ એક પત્ર જારી કર્યો હતો. પત્રમાં કહેવામાં આવ્યું હતું કે શેરબ્રોકરના પ્લેટફોર્મ પર ડિજિટલ ગોલ્ડની ખરીદી અને વેચાણ સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન્સ) રૂલ્સ, ૧૯૫૭ (SCRR) ની વિરુદ્ધ છે. સ્ટોક સાથે સંકળાયેલા સભ્યોને આવી પ્રવૃત્તિઓ ટાળવા સૂચના આપવામાં આવી હતી. SCRR નો નિયમ આવી કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ થવાની મનાઈ કરે છે. તે સ્ટોકના કોઈપણ કર્મચારી માટે પણ પ્રતિબંધિત છે. સ્ટોક બ્રોકર્સપાસેથી ડિજિટલ ગોલ્ડખરીદવા પર મેર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધને કારણે નાણાકીય વર્ષ ૨૨ માં ડિજિટલ ગોલ્ડના વેચાણમાં ૫% નો ઘટાડો જોવા મળી શકે છે. આ અંકુશ ૧૦ સપ્ટેમ્બરથી અમલમાં છે. સ્ટોક બ્રોકર ડિજિટલ ગોલ્ડ બિઝનેસમાં લગભગ ૮-૯% હિસ્સો ધરાવે છે અને નાણાકીય વર્ષ ૨૨ માં ડિજિટલ ગોલ્ડ બિઝનેસ ૫% ઘટે તેવી શક્યતા છે તેમ એક મીડિયાએ સેફગોલ્ડના મેનેજિંગ ડિરેક્ટર ગૌરવ માથુરના નિવેદન સાથે ટાંક્યું હતું. સેફગોલ્ડ બજારમાં ત્રણ ડિજિટલ ગોલ્ડ પ્લેયર્સ પૈકી એક છે. MMTC PAMP અને છે gmont અન્ય બે છે. રિપોર્ટ અનુસાર ડિજિટલ ગોલ્ડ પ્લેયર્સ હવે તેમના વ્યવસાયને વિસ્તૃત કરવા માટે ત્રીજા અને ચોથા ટાયરના શહેરોમાં જ્વેલર્સ, ફિનટેક કંપનીઓ અને મની રેમિટન્સ કંપનીઓ સાથે જોડાણ કરવા વિચારી રહ્યા છે જે અંદાજે ૪,૦૦૦ કરોડ રૂપિયાનો છે. દરમિયાન ઘણા જ્વેલર્સે ફેસ્ટિવલ સીઝન પહેલા પોતાની ડિજિટલ ગોલ્ડ સ્કીમ શરૂ કરી છે. કોવિડ -૧૯ ની બીજી લહેર બાદ ડિજિટલ ગોલ્ડ ગ્રાહકોમાં આકર્ષણ મેળવી રહ્યું છે. સેફગોલ્ડે આ તહેવારોની સિઝનમાં ડિજિટલ ગોલ્ડ વેચવા માટે Tanishq અને Caratlane સાથે હાથ મિલાવ્યા છે. માથુરે વધુમાં કહ્યું કે તેઓએ ૨૦૦ નાના જ્વેલર્સ, ફિનટેક કંપનીઓ, મની રેમિટન્સ કંપનીઓ સાથે ટાયર ૨ અને ટાયર ૩ શહેરોમાં તેમની ડિજિટલ ગોલ્ડ પ્રોડક્ટ્સ માટે જોડાણ કર્યું છે. ઓગમોન્ટ ગોલ્ડટેકના રિસર્ચ હેડ રેનિશા કે ચૈનાનીએ જણાવ્યું હતું કે માર્કેટ રેગ્યુલેટર કોઈ નવા પ્રતિબંધ સાથે આવ્યા નથી. સંબંધિત નિયમને ટાંકીને તેમણે કહ્યું કે તે હાલના નિયમોનું પુનરાવર્તન છે તે એક વૃદ્ધિ દેખાડતી પ્રોડક્ટ છે તેમ '' તેમણે રિપોર્ટમાં જણાવ્યું હતું.

## ઝાલોદના ગડી પરથમપુર પ્રા.શાળા માંથી ટેબલેટ, પંખા અને સબ મર્શીબલ મોટરની ચોરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ગડી પરથમપુર ગામે આવેલ એક પ્રાથમિક શાળામાં તસ્કરોએ હાથફેરો કરી ઓફિસના રૂમમાંથી મોનિટર, ટેબલેટ, પંખા, સબમરસીબલ મોટર મળી કુલ રૂ ૧૦ હજારની મત્તાની ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ગત તારીખ ૨૮મી ઓગસ્ટના રોજ ગડી પરથમપુરા ગામે આવેલ એક પ્રાથમિક શાળામાં અજાણ્યા ચોર ઈસમોએ પ્રવેશ કર્યો હતો અને ઓફિસના રૂમના દરવાજાનો હેન્ડલ નકુચો તોડી ઓફિસમાં પ્રવેશ કર્યો હતો અને ઓફિસમાં મૂકી રાખેલ ૧ નંગ મોનિટર કિંમત રૂપિયા ૨૫૦૦/-, ટેબલેટ ફોન નંગ ૧, સિલિંગ પંખા નંગ ત્રણ કિંમત રૂપિયા ૧૫૦૦ અને સબમરસીબલ મોટર નંગ ૧ કિંમત રૂપિયા ૨૦૦૦ એમ કુલ મળીને દસ હજારના મુદ્દામાલની ચોરી કરી લઈ તસ્કરો નાસી જતાં આ સંબંધે કાળુભાઈ વરસીંગભાઈ પારગી દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ નાની રાઠ ગામની સગીરાનું અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના નાનીરાઠ ગામેથી એક ૧૪ વર્ષીય સગીરાનું અજાણ્યો માણસ અપહરણ કરી લઇ નાસી જતાં પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે. ગત તારીખ બીજી ઓક્ટોબરના રોજ દાહોદ તાલુકા માં રહેતી એક ૧૪ વર્ષની સગીરાને નાની રાબડાળ સામેથી કોઇ અજાણ્યો ઈસમ સગીરાનું અપહરણ કરી લઇ નાસી જતા આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે સગીરાની શોધખોળ આરંભ કઈ છે.

## લીમડી લાયન્સ કલબ દ્વારા શિક્ષક સત્કાર કાર્યક્રમ યોજયો

દાહોદ,

લાયન્સ કલબ ઓફ લીમડી દ્વારા શિક્ષક સત્કાર સન્માન કાર્યક્રમ ગ્રામસેવા વિદ્યાલય કારઠ મુકામે યોજવામાં આવ્યો હતો. જેના ઉદ્દઘાટક રીજીયન ચેરમેન એમ જે એફ લાયન કમલેશ લીમ્બાચીયા અને મુખ્ય મહેમાન ડિસ્ટ્રિક્ટ ચેરમેન લીડરશીપ એમ જે એફ લાયન સત્યેન્દ્ર સોલંકી ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો. આવકાર પ્રવચન પ્રમુખ લા જયરાજભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે મંત્રી લાયન મુકેશભાઈ સોની, ખજાનચી ભાવેશભાઈ પટેલ, ઉપપ્રમુખ મગનભાઈ જાટવા, લાયન શર્મીલાબેન દવે, ડિસ્ટ્રિક્ટ ચેરમેન લાયન કેતનકુમાર દવે તેમજ મોટી સંખ્યામાં મિત્રો હાજર રહ્યા હતા. જેમાં સાતશિક્ષકોનું સાલ, સર્ટીફીકેટ, ગિફ્ટ અને બુકે દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. રિજીયન ચેરમેન દ્વારા લાયન મિત્રોને પીન આપીને સન્માનિત કર્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.18

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# શ્રીજી ભક્તો ગણેશ મંડળોમાં શ્રીજીની સ્થાપિત પ્રતિમાઓના દર્શન માટે ઘસારો

## ગોધરા શહેરના વિવિધ ગણેશ મંડળો દ્વારા સ્થાપિત કારાયેલ શ્રીજીની મૂર્તિઓના દર્શનમાં શ્રીજી ભક્તો લીન....


પંચમહાલ સમાચાર ઓફીસ, ગોધરા


ભાટવાડા યુવક મંડળ, ગોધરા


ચાંચડ ચોક, ગોધરા


ગ્રીન પાર્ક, ગોધરા


જય અંબે ગ્રુપ, ગોધરા


માર્કેટીંગ યાર્ડ યુવક મંડળ, ગોધરા


મોચીવાડ યુવક મંડળ, ગોધરા


મોદીની વાડી નં.૧, ગોધરા


મોદીની વાડી નં.૨, ગોધરા


પટેલવાડા ચોક યુવક મંડળ, ગોધરા


રાધા-કૃષ્ણ યુવક મંડળ, ગોધરા


રાયણવાડી સોસાયટી, ગોધરા


સજાનંદ સોસાયટી, ગોધરા


શિવ ગંગા ગ્રુપ, ગોધરા


સ્ટેશન રોડ, ગોધરા


વિશ્વકર્મા ચોક, ગોધરા

# પંચમહાલ જીલ્લામાં માર્ગ-મકાન વિભાગના ૨૭ રોજમદાર કર્મચારીઓને ગ્રેજ્યુટી, રીવાઈઝ, પેન્શન રજાઓના લાભ આપવા હાઈકોર્ટ હુકમ કરતાં આનંદ

ગોધરા,

પંચમહાલ જિલ્લાના માર્ગ અને મકાન વિભાગના ગોધરા-શહેરા-કાલોલ-હાલોલના નિવૃત્ત થયેલ રોજમદારોને નોકરીની દાખલ તારીખ થી બાકી નીકળતી ગ્રેજ્યુટી, રીવાઈઝ પેન્શન, રજાઓ અને તમામ પ્રકારના એલાઉન્સ આપવા અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ થી કામદાર આલમમાં આનંદની લાગણી છવાઈ. પંચમહાલ જિલ્લાના મકાન અને માર્ગ પંચાયત વિભાગ જેવા કે, ગોધરા-શહેરા-કાલોલ-હાલોલ વિભાગોમાં રોજમદાર મજૂર તરીકે નોકરી કરતા ૨૭ જેટલા રોજમદારોને નોકરીના અરસા દરમિયાન સરકારના માર્ગ અને મકાન વિભાગના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર મુજબના લાભો નિયમોનુસાર આપવામાં આવતા હતા. તેમની નોકરીના અરસા દરમિયાન ૬૦ વર્ષની ઉંમર પૂર્ણ થતા તેઓને વય મર્યાદાને લઈ નિવૃત કરવામાં આવેલ. નિવૃત્તિ સમયે ૧૦ વર્ષની નોકરીનો સમયગાળો બાદ કરી તેઓને ખૂબ જ ઓછા લાભ જેવા કે ગ્રેજ્યુટી, પેન્શન, રજાઓ, ટ્રાન્સપોર્ટ, મેડીકલ એલાઉન્સ, એચ. આર. એ., ઈન્સ્યોરન્સ વિગેરે લાભોથી વંચિત રાખવામાં આવેલ. જે બાબતે કુલ ૨૭ જેટલા રોજમદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ તથા જાણીતા કામદાર નેતા અંબાલાલ એસ ભોઈનો સંપર્ક કરતા લાભોથી વંચિત રોજમદારોને તે લાભો આપવા માટે લાગતા વળગતા અધિકારીઓને રીપ્રેઝન્ટેશન કરેલ. પરંતુ તે બાબતે તેમના તરફથી કોઈ યોગ્ય પ્રત્યુતર સમય મર્યાદામાં આપવામાં આવેલ ન હતો. જેને લઈ આ તમામ રોજમદારોએ ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન ૧૫૫૧૦/૨૦, ૧૫૧૨૦/૨૦, ૨૦૩૨/૨૧, ૭૯૩૧/૧૯, ૧૫૧૩૯/૨૦, ૩૩૧૯/૨૧, ૪૨૦૬/૨૧, ૩૩૯૪/૨૧, ૫૦૦/૨૧, ૬૭૪૦/૨૧ વિગેરે દાખલ કરેલ. નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફેડરેશનના એડવોકેટ દીપક આર. દવે એ તમામ વિવાદને લગતા જરૂરી દસ્તાવેજો રજુ કરી આ તમામ રોજમદારોને જે તે સમયે રોજમદાર તરીકેની નોકરીમાં દાખલ થયા તારીખથી કાયમી ગણવામાં આવ્યા અને અગાઉના દસ વર્ષ બાદ કરી મળવા પાત્ર લાભથી વંચિત રાખવા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સરકારના પરિપત્રો તેમજ કેટલાક સાઈટેશનો ટાંકી ધારદાર દલીલો કરતા નામદાર ગુજરાત હાઈકોર્ટે સરકાર તરફે હાજર રહેલ એડવોકેટ તથા ફેડરેશનના એડવોકેટની દલીલો સાંભળી તા. ૩-૯-૨૧ ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ ભાર્ગવ ડી. કારીયા સાહેબે હુકમ જારી કરી જણાવેલ ૨૭ જેટલા રોજમદારોને નિવૃત્તિ સમયે જે દસ વર્ષ નોકરીનો સમયગાળો બાદ કરી લાભોની ચુકવણી કરવામાં આવેલ તે દસ વર્ષના બાકી નીકળતા લાભો ચૂકવી આપવાનો આદેશ ફરમાવતા મકાન અને માર્ગ પંચાયત વિભાગના તમામ નિવૃત્ત થયેલ રોજમદારો તથા હાલ ફરજ બજાવતા રોજમદારોમાં આનંદની લાગણી પ્રવર્તી છે.

# શહેરા તાલુકાના રેણા ગામે યોજાનાર ચુંટણીમાં આદિજાતિ બેઠક ન ફળવાતા નારાજગી સાથે ચુંટણી બહિષ્કારની ચિમકી

શહેરા,

શહેરા તાલૂકામાં આગામી મહિનાઓમા ૬૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાવાની છે. ત્યારે તાલૂકાના રેણા ગામના જાગૃત નાગરીકોમા અનુસૂચિત આદિજાતિ બેઠક ફાળવામા આવતા નારાજગીનો સુર વ્યાપ્યો છે. જયારે જાગૃત ગ્રામજનોએ જનરલ બેઠકની માંગ સાથે સરપંચની સીટમા ફેરબદલી નહીં કરવામા આવેતો ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારવામા આવી રહી છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલૂકામાં આગામી મહિનાઓમાં ૬૩ ગ્રામ પંચાયતોની સરપંચની ચૂંટણી યોજાનાર હોવાથી બેઠકના પ્રકારનૂ જાહેરનામં તંત્ર દ્વારા બહાર પાડવામા આવતા સરપંચોમા કહી ખુશી કહી ગમનો માહોલ છવાયો હતો. તાલુકાના રેણા ગામ ૩૫૦૦ની વસ્તી ધરાવવા સાથે આ ગામમાં પટેલ સમાજ, બક્ષીપંચ તેમજ દલિત સમાજના મતદારોનું પ્રભુત્વવાળી બેઠક હોવા છંતા અહી અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવામા આવી છે. જ્યારે આ ગામના જાગૃત નાગરીક દ્વારા જીલ્લા કલેકટરને સરપંચની ચૂંટણીમાં અનુસૂચિત આદિજાતિ બેઠક ફાળવામા આવી છે. તે બદલવામા આવે તેવી માંગ સાથે લેખિતમાં રજૂઆત કરાઈ છે. રેણા ગામના રમેશભાઈ વાળંદ, હર્ષદભાઈ પટેલ, સોમાભાઈ તલાર, નટુભાઈ તેમજ ધર્મેન્દ્ર વણકર સહિતનાઓ ગામમાં એકત્રીત થઈને ગામમા અનુસૂચિત આદિજાતિ બેઠકની જગ્યાએ જનરલ કેટેગરીની બેઠક ફાળવામા આવે તેવી તંત્ર પાસે માંગ કરી રહ્યા છે. જો સરપંચની ચૂંટણી યોજાય તે પહેલા જનરલ કેટેગરીની બેઠક ફાળવણી નહીં કરવામાં આવે તો ગામમાં ચૂંટણી બહિષ્કારના પોસ્ટરો લગાવા સાથે ચૂંટણીનો બહિષ્કાર કરવામા આવશે તેમ જણાવ્યુ છે. આ રેણા ગ્રામ પંચાયત વિસ્તારમાં ૨૩૫૦ જેટલા મતદારો ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરતા હોય છે. ત્યારે આ વખતની સરપંચની ચૂંટણી યોજાય તે પહેલા સબંધીત તંત્ર દ્વારા આ ગામની મુલાકાત લઈને ગ્રામજનોને મળી પરીસ્થીતીનો તાગ મેળવે તે ઈચ્છનીય છે.

# વેજલપુર ગામમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ યોજના મનરેગાની પોલ ખુલી

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામનો વર્ષો જૂનો મુખ્ય માર્ગ ગણાતો જે ગામની સ્થાપના થયા પછી આજદિન સુધી બનયોજ નથી અને મનરેગા દ્વારા હાઈવે થી મહાદેવ મંદિર થી લઈ નદી સુધી ઓનલાઈન રેકર્ડ ઉપર દર્શાવેલ છે અને તે મનરેગા દ્વારા માત્ર કાગળ ઉપર બનાવી દીધેલ છે. તેવા આક્ષેપો સાથે ગામના જાગૃત નાગરિક દ્વારા તાલુકા વિકાસ અધિકારી જિલ્લા વિકાસ અધિકારી અને તલાટી કર્મ મંત્રીને સોશિયલ મીડિયા વોટ્સઅપના માધ્યમ થી સ્થળના ફોટા અને લેખિતમાં જણાવેલ છે. હાઈવે થી મહાદેવ મંદિર થી લઈ નદી સુધી સીસી રોડ માત્ર કાગળ ઉપર બનાવેલ છે અને સ્થળ ઉપર એક ઈંચ જેટલું પણ કામ કરેલ નથી. જેથી આખા ગ્રામજનોને અને


તસ્વીર : નુર બાલા, વેજલપુર

મંદિરમાં આવતા ભક્તોને દર્શન કરવામાં જવા આવવા માટે રસ્તો બંધ થય જાય છે અને ત્યાં નજીકમાં લઘુમતી હાઈસ્કુલ પણ આવેલ છે. જેથી સામાન્ય વરસાદ થાય છે. તો આ માર્ગ એટલે કે આ રસ્તા ઉપર થી જવા આવવાનું સંપૂર્ણ બંધ થય જાય છે અને ઢીંચણ સમાન પાણી ભરાય જાય છે અને વૈજનાથ મહાદેવ મંદિરના કેટલાક પગથીયા સુધી પાણી ભરાય જાય છે. તળાવ જેવી સ્થિતી સર્જાય છે. મંદિરમાં દર્શન કરવા પણ જવાતું નથી મંદિરના પગથીયા પાણી થી ડૂબી જાય છે. જેથી ગ્રામજનોને વેજલપુર ગામની સ્થાપના થયા પછી પણ આજ દિન સુધી આ રસ્તા ઉપર સીસી રોડ કે ગટર લાઈનની કોઈપણ પાયાની સુવિધાઓ મળી નથી. જેથી ગ્રામજનોને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. જેથી ગામના જાગૃત નાગરિકોની માંગ છે કે, આ સ્થળની જાતે મુલાકાત લઈને યુદ્ધના ધોરણે નિકાલ કરવામાં આવે અને જે મનરેગા દ્વારા સીસી રોડ મંજુર કરવામાં આવ્યો છે. તે તાત્કાલિક અસરથી બનાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. જેથી હવે જોવું રહયું કે જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી સ્થળની જાતે મુલાકાત લઈને કાર્યવાહી કરશે ખરા કે જેસા થા વેસા હિ ચલતા રહેગા તે આવનારો સમય બતાવશે.

# ગોધરા પોસ્ટ વિભાગ કથડેલ વહીવટી અંગે જાગૃત નાગરિક દ્વારા પોસ્ટ અધિક્ષકને રજુઆત

**- પોસ્ટ ઓફિસ થી પાંચ કિલો મીટરના અંતર ધરાવતા બામરોલી રોડ અને દાહોદ રોડ વિસ્તારમાં સબ પોસ્ટ ઓફિસ નથી.**

**- પોસ્ટ વિભાગ દ્વારા સબ પોસ્ટ ઓફિસો ઠેર ઠેર બંધ કરી રહી છે.**

ગોધરા,

ગોધરા શહેરની મુખ્ય પોસ્ટ ઓફિસ થી પાંચ કિલોમીટર એવા બામરોલી રોડ અને દાહોદ હાઈવે રોડ વિસ્તારમાં સબ પોસ્ટ ઓફિસ ધરાવતી નથી. પોસ્ટ વિભાગના કથળેલા વહિવટના કારણે ખાનગી કુરીયર સર્વિસોને કમાણી કરી રહી છે. પોસ્ટ વિભાગ પોતાના વહિવટમાં સુધારો લાવે તે જરૂરી છે.

ગોધરા શહેર સહિત જીલ્લામાં ઠેર ઠેર બંધ કરાવતી સબ પોસ્ટ ઓફિસો ગોધરાનો બામરોલી રોડ તથા દાહોદ રોડ વિસ્તાર છે. હેડ પોસ્ટ ઓફિસ થી ચાર થી પાંચ કિલોમીટનું અંતર ધરાવે છે. તેમ છતાં સબ પોસ્ટ ઓફિસ નથી. પંચમહાલ જીલ્લા તેમજ ટેકનીકલ કારણોસર ઉપભોકતાને વારંવાર ધકકાખાવા લાચાર સમય અને પૈસાનો વ્યર્થ થાય છે. પોસ્ટ ઓફિસમાં કનેકટીવીટીના અભાવે વિધવા તથા વૃદ્ધ નિરાધારોને પેન્શન મેળવવા અગવડ અને ત્રાસ વેઠવો પડે છે. ગોધરા શહેરમાં પોસ્ટ ઓફિસ થકી રજીસ્ટર ટપાલ સિવાયની કોઈ ટપાલ સમયસર ગ્રાહકોને મળતી નથી. રજીસ્ટરની પરત પહોંચની રસીદ પણ પોસ્ટ દ્વારા પરત મળતી નથી. પોસ્ટ વિભાગના કથળેલા વહીવટના કારણે હાલ ખાનગી કુરીયર સર્વિસોને તગડી કમાણી થઈ રહી છે. પોસ્ટ સત્તાવાળા આ બાબતે ધ્યાન આપીને જનતાને પોસ્ટની સેવાઓ મળે તેવી જોગવાઈ કરવા માટે ભગવતીપ્રસાદ સીકલીગર દ્વારા પોસ્ટ અધિક્ષકને લેખિત રજુઆત કરવામાં આવી.